## ❖ PSTE શાખા

**(D.El.Ed-WRC/5-6/35/2002/02212 -16 MAY-2002, NCTE CODE-322033)**
**(ADMISSION CODE-113,AFFILIATION CODE-114) (PSTE-BRANCH)**

### ❖ ડી.એલ.એડ્ પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓની સંખ્યાકીય માહિતી 2025-26

| ક્રમ | ડી.એલ.એડ્ વર્ષ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| 1. | પ્રથમ | 31 | 28 | 59 |
| 2. | દ્વિતીય | 06 | 11 | 17 |
| | કુલ | 37 | 39 | 76 |

### ❖ જિલ્લાની ડી.એલ.એડ્ કોલેજોના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓની સંખ્યાકીય માહિતી 2025-26

| ક્રમ | કોલેજનું નામ | કોલેજ કોડ (માધ્ય.) | ડી.એલ.એડ્ વર્ષ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|---|---|
| 1 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા | 23.004 (ગુ) | પ્રથમ વર્ષ | 31 | 28 | 59 |
| | | | દ્વિતીય વર્ષ | 6 | 11 | 17 |
| 2 | સરસ્વતી કોલેજ,બેચરાજી ,તા-બેચરાજી | 23.007 (ગુ) | પ્રથમ વર્ષ | 46 | 38 | 84 |
| | | | દ્વિતીય વર્ષ | 0 | 0 | 0 |
| 3 | જીવન જ્યોત કોલેજ,વાલમ , તા-વિસનગર | 23.010 (ગુ) | પ્રથમ વર્ષ | 63 | 62 | 125 |
| | | | દ્વિતીય વર્ષ | 0 | 0 | 0 |
| 4 | કે.બી.દવે કોલેજ,પિલવાઇ,તા-વિજાપુર | 23.015 (ગુ) | પ્રથમ વર્ષ | 17 | 16 | 33 |
| | | | દ્વિતીય વર્ષ | 0 | 0 | 0 |
| 5 | શારદા કોલેજ,રાજપુર , તા-કડી | 23.016 (ગુ) | પ્રથમ વર્ષ | 59 | 58 | 117 |
| | | | દ્વિતીય વર્ષ | 0 | 0 | 0 |
| 6 | પ્રાયમરી ટીચર ટ્રેનીંગ કોલેજ,રણછોડપુરા , તા-વિજાપુર | 23.017 (ગુ) | પ્રથમ વર્ષ | 94 | 90 | 184 |
| | | | દ્વિતીય વર્ષ | 0 | 0 | 0 |
| 7 | સુવિધા કોલેજ,હેડુવા ,તા-મહેસાણા | 23.018 (ગુ) | પ્રથમ વર્ષ | 61 | 60 | 121 |
| | | | દ્વિતીય વર્ષ | 0 | 0 | 0 |
| 8 | બી.આર.પટેલ કોલેજ,રામપુરા,તા-મહેસાણા | 23.021 (ગુ) | પ્રથમ વર્ષ | 27 | 25 | 52 |
| | | | દ્વિતીય વર્ષ | 0 | 0 | 0 |
| 9 | જયકલા કોલેજ,વડસ્મા , તા-મહેસાણા | 23.024 (ગુ) | પ્રથમ વર્ષ | 30 | 31 | 61 |
| | | | દ્વિતીય વર્ષ | 0 | 0 | 0 |
| 10 | સરસ્વતી કોલેજ, રણેલા ,તા-બેચરાજી | 23.026 (ગુ) | પ્રથમ વર્ષ | 0 | 62 | 62 |
| | | | દ્વિતીય વર્ષ | 0 | 0 | 0 |
| 11 | સરસ્વતી કોલેજ, રણેલા ,તા-બેચરાજી | 23.027 (અં) | પ્રથમ વર્ષ | 0 | 62 | 62 |
| | | | દ્વિતીય વર્ષ | 0 | 8 | 8 |
| 12 | સરસ્વતી કોલેજ, રણેલા ,તા-બેચરાજી | 23.028 (હિ) | પ્રથમ વર્ષ | 0 | 112 | 112 |
| | | | દ્વિતીય વર્ષ | 0 | 48 | 48 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 13 | આર.એમ.પટેલ કોલેજ, હીરપુરા,તા-વિજાપુર | 23.031 (ગુ) | પ્રથમ વર્ષ | 31 | 31 | 62 |
| | | | દ્વિતીય વર્ષ | 14 | 16 | 30 |
| 14 | એચ. એન્ડ કે. કોલેજ.ભાન્ડુ , તા-વિસનગર | 23.032 (ગુ) | પ્રથમ વર્ષ | 62 | 62 | 144 |
| | | | દ્વિતીય વર્ષ | 0 | 0 | 0 |
| 15 | સ્વામી વિવેકાનંદ કોલેજ,બેચરાજી ,તા-બેચરાજી | 23.037 (હિ) | પ્રથમ વર્ષ | 63 | 62 | 125 |
| | | | દ્વિતીય વર્ષ | 60 | 52 | 112 |
| 16 | સરદાર પટેલ કોલેજ,વડનગર ,તા-વડનગર | 23.039 (ગુ) | પ્રથમ વર્ષ | 31 | 31 | 62 |
| | | | દ્વિતીય વર્ષ | 0 | 0 | 0 |
| 17 | પ્રાયમરી કોલેજ ઓફ એજ્યુ. ,વડુ , તા-કડી | 23.041 (ગુ) | પ્રથમ વર્ષ | 22 | 26 | 48 |
| | | | દ્વિતીય વર્ષ | 0 | 0 | 0 |
| 18 | વૃંદાવન કોલેજ,ગણેશપુરા , તા-કડી | 23.043(ગુ) | પ્રથમ વર્ષ | 31 | 31 | 62 |
| | | | દ્વિતીય વર્ષ | 0 | 0 | 0 |
| 19 | નીલકંઠ કોલેજ,વિસનગર , તા-વિસનગર | 23.044 (ગુ) | પ્રથમ વર્ષ | 23 | 22 | 45 |
| | | | દ્વિતીય વર્ષ | 0 | 0 | 0 |
| 20 | અમરદીપ કોલેજ ,પિલવાઇ ,તા-વિજાપુર | 23.045(ગુ) | પ્રથમ વર્ષ | 0 | 62 | 62 |
| | | | દ્વિતીય વર્ષ | 0 | 33 | 33 |
| | **TOTAL** | | | 771 | 1139 | 1930 |

- ## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન મહેસાણા

### PSTE શાખા કામગીરી - વર્ષ -2025-26

| ક્રમ | અધ્યાપકશ્રીનુંનામ | હોદ્દો | કામગીરીની વિગત |
|---|---|---|---|
| 1 | શ્રી બી.એસ.દેસાઇ | સિ. લેકચરર PSTE શાખા | - ડી.એલ.એડ્ દ્વિતીય વર્ષમાં વર્ગશિક્ષક તરીકે કામ કરવું અને હાજરી પત્રક નિભાવવું.<br>- વયપત્રક રજીસ્ટર નિભાવવું.પી.એસ.ટી.ઇ શાખાનું ડેડસ્ટોક રજીસ્ટર નિભાવવું.<br>- જિલ્લાની ડી.એલ.એડ્ કોલેજો,જી.સી.ઇ.આર.ટી,ગાંધીનગર,રાજ્ય પરીક્ષા બોર્ડ અને KCGમાં ટેબલેટ અને અન્ય સંસ્થાઓ સાથે સંકલનની કામગીરી,શિષ્યવૃત્તિ કામગીરી,પ્રવાસ અને એક્સ્પોઝર<br>- દરેક લેકચરરશ્રીઓએ ડી.એલ.એડ્માં પોતાને ફાળવેલ વિષયની કોલેજ કક્ષાએ લેવામાં આવતી તમામ પરીક્ષા માટેના પ્રશ્નપત્રો કાઢવાના અને તપાસવાના રહેશે.<br>- ડી.એલ.એડ્ના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓની ઇન્ટર્નશિપનું આયોજન,મૂલ્યાંકન અને ફોટોગ્રાફી સાથે અહેવાલ લેખન કરવું.<br>- ડી.એલ.એડ્ પ્રથમ વર્ષમાં પ્રવેશની તમામ કામગીરી કરવી.<br>- જિલ્લાની તમામ ડી.એલ.એડ્ કોલેજોમાંવાર્ષિક પ્રાયોગિક પરીક્ષા અને વાર્ષિક પ્રાયોગિક પાઠની પરીક્ષાનું આયોજન,ગુણની ઓનલાઈન એન્ટ્રી અને હિસાબી ફાઈલ બનાવવી..<br>- PSTE શાખામાં પ્રાચાર્યશ્રી દ્વારા જે સૂચના આપવામાં આવે તેનો અમલ કરવાનો રહેશે. |
| 2 | ડૉ.ડી.એ.ત્રિવેદી | લેકચરર PSTE શાખા | - ડી.એલ.એડ્ પ્રથમ વર્ષમાં વર્ગશિક્ષક તરીકે કામ કરવું અને હાજરી પત્રક નિભાવવું.<br>- દરેક લેકચરરશ્રીઓએ ડી.એલ.એડ્માં પોતાને ફાળવેલ વિષયની કોલેજ કક્ષાએ લેવામાં આવતી તમામપરીક્ષા માટેના પ્રશ્નપત્રો કાઢવાનાઅને તપાસવાના રહેશે.<br>- પ્રથમઅને દ્વિતીય વર્ષમાંપાઠ આયોજન અંતર્ગત તાલીમાર્થીઓને માર્ગદર્શન અને આયોજન પ્રવાસ અને એક્સ્પોઝરકામગીરી<br>- PSTE શાખામાં પ્રાચાર્યશ્રી દ્વારા જે સૂચના આપવામાં આવે તેનો અમલ કરવાનો રહેશે |
| 3 | શ્રી પી.આઇ.પટેલ | લેકચરર PSTE શાખા | - ડાયટમાં ડી.એલ.એડ્ પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષની તમામ પરીક્ષાનું આયોજન કરવું.<br>- દરેક લેકચરરશ્રીઓએ ડી.એલ.એડ્માં પોતાને ફાળવેલ વિષયની કોલેજ કક્ષાએ લેવામાં આવતી તમામપરીક્ષા માટેના પ્રશ્નપત્રો કાઢવાનાઅને તપાસવાના રહેશે.<br>- પ્રવાસ અને એક્સ્પોઝર કામગીરી<br>- PSTE શાખામાં પ્રાચાર્યશ્રી દ્વારા જે સૂચના આપવામાં આવે તેનો અમલ કરવાનો રહેશે. |
| 4 | એ.જે.રાઠોડ | લેકચરર PSTE શાખા | - દરેક લેકચરરશ્રીઓએ ડી.એલ.એડ્માં પોતાને ફાળવેલ વિષયની કોલેજ કક્ષાએ લેવામાં આવતી તમામ પરીક્ષા માટેના પ્રશ્નપત્રો કાઢવાના અને તપાસવાના રહેશે.<br>- PSTE શાખામાં પ્રાચાર્યશ્રી દ્વારા જે સૂચના આપવામાં આવે તેનો અમલ કરવાનો રહેશે<br>- પ્રવાસ અને એક્સ્પોઝર કામગીરી |

| | | | |
|---|---|---|---|
| 5 | જી.ડી.ચૌધરી | લેકચરર PSTE શાખા | - દરેક લેકચરરશ્રીઓએ ડી.એલ.એડ્માં પોતાને ફાળવેલ વિષયની કોલેજ કક્ષાએ લેવામાં આવતી તમામ પરીક્ષા માટેના પ્રશ્નપત્રો કાઢવાના અને તપાસવાના રહેશે.<br>- PSTE શાખામાં પ્રાચાર્યશ્રી દ્વારા જે સૂચના આપવામાં આવે તેનો અમલ કરવાનો રહેશે.<br>- પ્રવાસ અને એક્ષ્પોઝર કામગીરી |
| 6 | એન.કે.ચાવડા | લેકચરર PSTE શાખા | - દરેક લેકચરરશ્રીઓએ ડી.એલ.એડ્માં પોતાને ફાળવેલ વિષયની કોલેજ કક્ષાએ લેવામાં આવતી તમામ પરીક્ષા માટેના પ્રશ્નપત્રો કાઢવાના અને તપાસવાના રહેશે.<br>- PSTE શાખામાં પ્રાચાર્યશ્રી દ્વારા જે સૂચના આપવામાં આવે તેનો અમલ કરવાનો રહેશે.<br>- પ્રવાસ અને એક્ષ્પોઝર કામગીરી |
| 7 | એસ.ડી.રાવત | લેકચરર PSTE શાખા | - દરેક લેકચરરશ્રીઓએ ડી.એલ.એડ્માં પોતાને ફાળવેલ વિષયની કોલેજ કક્ષાએ લેવામાં આવતી તમામ પરીક્ષા માટેના પ્રશ્નપત્રો કાઢવાના અને તપાસવાના રહેશે.<br>- PSTE શાખામાં પ્રાચાર્યશ્રી દ્વારા જે સૂચના આપવામાં આવે તેનો અમલ કરવાનો રહેશે.<br>- પ્રવાસ અને એક્ષ્પોઝર કામગીરી |
| 8 | પી.ડી.પટેલ | લેકચરર PSTE શાખા | - દરેક લેકચરરશ્રીઓએ ડી.એલ.એડ્માં પોતાને ફાળવેલ વિષયની કોલેજ કક્ષાએ લેવામાં આવતી તમામ પરીક્ષા માટેના પ્રશ્નપત્રો કાઢવાના અને તપાસવાના રહેશે.<br>- PSTE શાખામાં પ્રાચાર્યશ્રી દ્વારા જે સૂચના આપવામાં આવે તેનો અમલ કરવાનો રહેશે.<br>- પ્રવાસ અને એક્ષ્પોઝર કામગીરી |

- **ડી.એલ.એડ્ અભ્યાસક્રમ ફાળવણી - 2025-26**

## પ્રથમ વર્ષ

| ક્રમ | પ્રથમ વર્ષ | લેકચરરશ્રીનું નામ | વિષય |
|---|---|---|---|
| 1. | કોર્સ-1 અ | A.J.R | બાળકોનો સર્વાંગી વિકાસ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ |
| | કોર્સ-1 બ | N.K.C | અધ્યેતા અને મૂલ્યાંકન |
| 2. | કોર્સ-2અ | P.D.P | કેળવણી સમાજ,અભ્યાસક્રમ અને અધ્યેતા |
| | કોર્સ-2 બ | Dr.D.M.P | ભારતીય શિક્ષણ દર્શન અને પ્રવર્તમાન ભારતીય સમાજ |
| 3. | કોર્સ-3 | J.S.T | અભ્યાસક્રમ અને વર્ગવ્યવહાર |
| 4. | કોર્સ-4અ | G.D.C | ગુજરાતીમાં પ્રાવિણ્ય (સજ્જતા) |
| | કોર્સ-4બ | Dr.D.A.T | અંગ્રેજીમાં પ્રાવિણ્ય (સજ્જતા) |
| 5. | કોર્સ-5અ | G.D.C | પદ્ધતિશાસ્ત્રઅને વિષય વસ્તુ : ગુજરાતી(ધોરણ-1થી5) |
| | કોર્સ-5બ | B.S.D | પર્યાવરણ શિક્ષણ ( ધોરણ-1 થી 5) |
| 6. | કોર્સ-6 | P.I.P | પદ્ધતિશાસ્ત્રઅને વિષય વસ્તુ : ગણિત(ધોરણ-1થી5) |
| 7. | કોર્સ-7 | Dr.S.C.R | માહિતી અને પ્રત્યાયન તકનીકી દ્વારા અધ્યયનનું સમૃદ્ધિકરણ-01 |
| 8. | કોર્સ-8 | S.D.R | બાળકોનું શારીરિક અને સાંવેગિકસ્વાસ્થ્ય, શાળાસ્વાસ્થ્ય અને શિક્ષણ |
| 9. | કોર્સ-9 | S.D.R | સર્જનાત્મક નાટકો,લલિતકલાઓ હસ્તકલાઓ અને મૂલ્યાંકન |

## દ્વિતીય વર્ષ

| ક્રમ | દ્વિતીય વર્ષ | લેકચરરશ્રીનું નામ | વિષય |
|---|---|---|---|
| 1. | કોર્સ-1 અ | A.B.M | બોધ(જ્ઞાન),અધ્યયન અને સામાજિક સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય |
| | કોર્સ-1 બ | J.S.T | સ્વની સમજ અને શૈક્ષણિક દ્રષ્ટી બિંદુનો વિકાસ |
| 2. | કોર્સ-2અ | A.J.R | શાળા સંસ્કૃતિ,નેતૃત્વ અને પરિવર્તન |
| | કોર્સ-2બ | J.P.C | વૈવિધ્ય,જાતિ અને સમાવેશી શિક્ષણ |
| 3. | કોર્સ-3 અ | G.D.C | પદ્ધતિશાસ્ત્રઅને વિષય વસ્તુ : ગુજરાતી(ધોરણ-6 થી 8 ) |
| | કોર્સ-3 બ | Dr.D.A.T | English (Std - 3 TO 8 ) |
| 4. | કોર્સ-4અ | P.I.P | પદ્ધતિશાસ્ત્ર અને વિષય વસ્તુ - ગણિત (ધોરણ-6 થી 8) |
| | કોર્સ-4બ | P.D.P | પદ્ધતિશાસ્ત્ર અને વિષય વસ્તુ-વિજ્ઞાન અને ટેકનોલોજી(ધોરણ-6 થી 8) |
| 5. | કોર્સ-5અ | N.K.C | પદ્ધતિશાસ્ત્ર અને વિષય વસ્તુ - સામાજિક વિજ્ઞાન (ધોરણ-6 થી 8 ) |

| | | | |
|---|---|---|---|
| | કોર્સ-5બ | G.D.C | પદ્ધતિશાસ્ત્ર અને વિષય વસ્તુ - હિન્દી (ધોરણ-5 થી 8 ) M.G.P-FACULTY<br>પદ્ધતિશાસ્ત્ર અને વિષય વસ્તુ - સંસ્કૃત(ધોરણ-6થી8 )Dr.D.A.T |
| 6. | કોર્સ-6 | Dr.S.C.R | માહિતી અને પ્રત્યાયન તકનિકી દ્વારા અધ્યયનનું સમૃધ્દ્કિરણ - 02 |
| 7. | કોર્સ-7 | S.D.R | બાળકોનું શારીરિક અને સાંવેગિક સ્વાસ્થ્ય, શાળા સ્વાસ્થ્ય અને શિક્ષણ - 02 |
| 8. | કોર્સ-8 | S.D.R | સર્જનાત્મક નાટકો,લલિતકલાઓહસ્તકલાઓ અને મૂલ્યાંકન -02 |

## D.El.Ed -1 , 2 વાર્ષિક કામગીરી આયોજન -વર્ષ - 2025 - 26

| ક્રમ | કાર્યક્રમ | વિગત | વ્યાખ્યાતાશ્રી નું નામ |
|---|---|---|---|
| 1 | પ્રાર્થના કાર્યક્રમ | પ્રાર્થના સંમેલન,પ્રશ્નોતરી | ડૉ.ડી.એ.ત્રિવેદી |
| 2 | સફાઈ આયોજન | લાયબ્રેરી,પ્રાર્થના હોલ | ડૉ.ડી.એ.ત્રિવેદી |
| | | વર્ગ ખંડ,સેનિટેશનસફાઈ | શ્રી બી.એસ.દેસાઇ |
| | | કમ્પ્યુટરલેબ | શ્રી બી.એસ.દેસાઇ |
| | | હોસ્ટેલ,મેદાન સફાઈ | શ્રી પી.આઇ.પટેલ |
| 3 | માઈક્રોપાઠ આયોજન | આયોજન | શ્રી બી.એસ.દેસાઇ |
| | | વિષયાભિમુખ કૌશલ્ય | ડૉ.એસ.સી.રબારી |
| | | પ્રશ્ન પ્રવાહિતા કૌશલ્ય | ડૉ.ડી.એમ.પટેલ |
| | | સુદ્રઢીકરણ કૌશલ્ય | પી.ડી.પટેલ |
| | | કા.પા.કાર્યકૌશલ્ય | શ્રી વી.ડી.અઢીયોલ |
| 4 | દાર્શનિકપાઠ આયોજન | આયોજન | શ્રી બી.એસ.દેસાઇ |
| | | ગુજરાતી | જી.ડી.ચૌધરી |
| | | ગણિત | શ્રી પી.આઇ.પટેલ |
| | | સામાજિક વિજ્ઞાન | ડૉ.એસ.સી.રબારી |
| | | હિન્દી | જી.ડી.ચૌધરી |
| | | અંગ્રેજી | ડૉ.ડી.એ.ત્રિવેદી |
| | | કમ્પ્યુટર | ડૉ.એસ.સી.રબારી |
| | | ચિત્ર | એસ.ડી.રાવત |
| | | એકમપાઠ (ગણિત) | પી.આઇ.પટેલ |
| | | સંસ્કૃત | ડૉ.ડી.એ.ત્રિવેદી |
| | | પર્યાવરણ | શ્રી બી.એસ.દેસાઇ |
| | | વિજ્ઞાન અને ટેકનોલોજી | ડૉ. ડી.એમ.પટેલ |
| | | શારીરિક શિક્ષણ | એસ.ડી.રાવત |
| | | સંગીત | એસ.ડી.રાવત |
| 5 | સહ અભ્યાસિક પ્રવૃત્તિ આયોજન | પ્રથમ સત્ર | શ્રી બી.એસ.દેસાઇ |
| | | બીજું સત્ર | શ્રી બી.એસ.દેસાઇ |
| 6 | એન.એસ.એસ.પ્રવૃત્તિ | આયોજન સંચાલન | શ્રી બી.એસ.દેસાઇ |

## • ડી.એલ.એડ્ પ્રથમ વર્ષ/દ્વિતીય વર્ષ શાળા ઈન્ટર્નશિપ કાર્યક્રમ-2025-26

| વર્ષના તબક્કા દિવસો | F.Y.D.El.Ed ઈન્ટર્નશિપ તારીખ | વર્ષના તબક્કા દિવસો | S.Y.D.El.Ed ઈન્ટર્નશિપ તારીખ |
|---|---|---|---|
| શરૂઆતના 6 દિવસ | 8/9/25 થી 13/9/25 | શરૂઆતના 6 દિવસ | 14/7/25 થી 19/7/25 |
| પછીના 12 દિવસ | 24/11/25 થી 6/12/25 | 6 દિવસ | 21/7/25 થી 26/7/25 |
| અંતના 6 દિવસ | 27/1/26 થી 2/2/26 | 18 દિવસ | 1/8/25 થી 23/8/25 |
| | | 18 દિવસ | 24/9/25 થી 15/10/25 |
| | | 18 + 6 દિવસ | 6/1/26 થી 3/2/26 |
| | | 6 દિવસ | 7/2/26 થી 14/2/26 |
| | | 18 દિવસ | 16/2/26 થી 9/3/26 |






## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-મહેસાણા ખાતે કરવામાં આવેલ કાર્યક્રમ-2025-26:

## વિજ્ઞાન વિષયક કરેલ પ્રવૃત્તિઓ :

### - 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ઉજવણી- 28/2/2026

મહાન ભારતીય ભૌતિકશાસ્ત્રી સર સી. વી. રામનની અદ્વિતીય શોધ 'રામન ઇફેક્ટ'ની સ્મૃતિ નિમિત્તે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET), મહેસાણા ખાતે તારીખ 28/2/2026 ના રોજ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની સત્તાવાર ઉજવણી ગરિમાપૂર્ણ માહોલમાં સંપન્ન કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થામાં અભ્યાસ કરતા ભાવી પ્રાથમિક શિક્ષક એવા D.El.Ed. ના પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહપૂર્વક સહભાગી થઈ સમગ્ર આયોજનનું સફળ સંચાલન કર્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ સમસ્ત તાલીમાર્થી વૃંદ દ્વારા પ્રસ્તુત સર્વધર્મ પ્રાર્થનાથી થયો હતો. સદર કાર્યક્રમની સત્તાવાર ભૂમિકા અને રાષ્ટ્રીય વિજ્ઞાન

દિવસનું ઐતિહાસિક તેમજ શૈક્ષણિક મહત્વ સ્પષ્ટ કરતી શુભ શરૂઆત લેકચરર પ્રિયાબેન પટેલ દ્વારા રજૂ કરાઈ હતી. ત્યારબાદ તાલીમાર્થીમિત્રો દ્વારા દિવસને અનુરૂપ

- પ્રેરક સુવિચાર
- વૈજ્ઞાનિક અભિગમ પ્રેરિત સુંદર વિજ્ઞાન ગીત
- વિજ્ઞાનની વિવિધ શાખાઓ જેમ કે ભૌતિક, રસાયણ અને જીવ વિજ્ઞાનની વ્યવહારુ સમજૂતી
- દેશ વિદેશના મહાન વૈજ્ઞાનિકના જીવન ચરિત્ર , સંશોધનો અને સમાજ પ્રત્યેના પ્રદાન
- પ્રાથમિક કક્ષાએ વિજ્ઞાન વિષયને રોચક બનાવતા બાળગીત
- વિજ્ઞાન ક્વીઝ
- વૈજ્ઞાનિક સિધ્ધાંતો આધારિત પ્રત્યક્ષ પ્રયોગોનું જીવંત નિદર્શન







PHYSICS PRACTICAL


ભારતના મહાન વૈજ્ઞાનિકો


BIOLOGYPRACTICAL

- વિજ્ઞાનના સાધનોની ઓળખ:




- વિજ્ઞાનના પ્રયોગો:








**રક્ષાબંધન:**





**વૃક્ષારોપણ :- 12/08/2025**





**હર ઘર તિરંગા હર ઘર સ્વચ્છતા કા ઉત્સવ સ્વચ્છતા કે સંગ :- 13/8/2025**








**15 ઓગસ્ટ સ્વતંત્રતા દિવસની ઉજવણી :**




**મહેંદી અને એકપાત્રીય અભિનય સ્પર્ધા:- 23/08/2025**






**ડાયટ કક્ષાએ રમતોત્સવ :**





- **વાર્ષિક પ્રાયોગિક પરીક્ષા આયોજન - 2025-26 :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ,મહેસાણા તથા મહેસાણા જીલ્લાની તમામ ડી.એલ.એડ. કોલેજના તાલીમાર્થીની વાર્ષિક પ્રાયોગિક પરીક્ષાનું આયોજન 5/3/25 થી 27/3/25 દરમિયાન કરવામાં આવેલ. જેમાં પ્રાયોગિક પાઠ તથા કોમ્પ્યૂટરની પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડની સુચના મુજબ લેવામાં આવેલ અને સમયમર્યાદામાં ઓનલાઈન ડેટા ભરવામાં આવેલ.

- **વિશ્વ યોગ દિવસ - 2025 -26**










- **શિક્ષક પર્વની ઉજવણી (તા:- 05/09/2025)**

મહેસાણા જિલ્લા શિક્ષણ પરિવાર દ્વારા યોજાયેલ 5મી સપ્ટેમ્બર શિક્ષક દિન કાર્યક્રમ અંતર્ગત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન મહેસાણાના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ અને સ્ટાફ ગણ કાર્યક્રમમાં જોડાયા હતા. અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ 18 દિવસની સઘન ઇન્ટર્નશિપ કાર્યક્રમમાં જિલ્લાની અલગ અલગ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ સાથે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ દ્વારા પ્રાથમિક શાળાઓમાં વિવિધ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.જેમાં વર્ગ સુશોભન,TLM સ્પર્ધા,ચિત્ર સ્પર્ધા,રંગોળી સ્પર્ધા,નિબંધ સ્પર્ધા,અને વિવિધ રમતો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.સ્પર્ધામાં આવેલ પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થીઓને તાલીમાર્થીઓ દ્વારા પ્રોત્સાહન ઈનામો આપવામાં આવ્યા હતા.









- **સાક્ષારતા અભિયાન અંતર્ગત કાર્યક્રમ શેરી નાટક - 2025-26:-**

  **(કુકસ અને લાખવડ ગામ તારીખ:-09/09/2025)**





- **સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત નવરાત્રી મહોત્સવ - 2025-26:**









- **“વિકાસ સપ્તાહ 2025” અંતર્ગત “ભારત વિકાસ પ્રતિજ્ઞા “:**

  **તારીખ:-07 ઓકટોબર થી 15 ઓકટોબર-2025**





- **મહેસાણા જિલ્લાની ડી.એલ.એડ્ કોલેજોની એક દિવસીય સંકલન બેઠક :-**

**તારીખ:-13/10/2025 (સમય:-13:00 થી 17:00)**





- **ડાયટ મહેસાણાના ડી.એલ.એડ્ તાલીમાર્થીઓની સત્રાંત પરીક્ષા :-**
  - **પ્રથમ સત્રાંત :- તારીખ:-10/11/2025 થી 14/11/2025**
  - **બીજું સત્રાંત :- તારીખ:-16/3/2025 થી 23/3/2025**
- **વંદે માતરમ્@150 થીમ આધારિત સેમીનાર,વકૃત્વસ્પર્ધા કાર્યક્રમ :-**

**તારીખ:-07/11/2025 થી 26/11/2025**





- **બંધારણ દિન (સંવિધાન દિવસ) - તા.26/11/2025**

26 નવેમ્બરને સમગ્ર દેશમાં બંધારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. બંધારણીય મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે બંધારણ દિવસની ઉજવણી કરવાનો નિર્ણય લીધો હતો. તમને જણાવી દઈએ કે રાષ્ટ્રીય બંધારણ દિવસને રાષ્ટ્રીય કાયદા દિવસ અને ભારતીય બંધારણ દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે.દેશની બંધારણ સભાએ 26 નવેમ્બર 1949ના રોજ વર્તમાન બંધારણનો સ્વીકાર કર્યો હતો. જોકે, તેને સ્વીકાર્યાના બે મહિના પછી એટલે કે 26 જાન્યુઆરી 1950ના રોજ તેનો અમલ કરવામાં આવ્યો. જેના કારણે 26 નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.એજ રીતે આજ રોજ ડાયટ-કુકસ ખાતે 26 નવેમ્બર 2023 ડી.એલ.એડ્.પ્રથમ અને બીજા વર્ષ ના 34 તાલીમાર્થી તેમજ લેકચરર મિત્રોની ઉપસ્થિતિમાં બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી.

- **બંધારણ દિવસ શા માટે ઉજવવામાં આવે છે?**

બંધારણીય મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે સામાજિક ન્યાય મંત્રાલયે 19 નવેમ્બર 2015ના રોજ 26 નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય લીધો હતો. દેશનો

દરેક નાગરિકને બંધારણીય મૂલ્યોથી જાણકારી હોવો જોઇએ, તેથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે ભારતના બંધારણની પ્રસ્તાવના શાળાઓ અને કોલેજોમાં ભણાવવામાં આવે છે. આ સાથે ભારતના બંધારણની વિશેષતા અને મહત્વ વિશે પણ ચર્ચા કરવામાં આવી છે.

- **ભારતીય બંધારણ સાથે જોડાયેલી રસપ્રદ બાબતો - 2025-26 :-**

વર્ષ 2015માં 26 નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ એટલા માટે પણ ખાસ છે કારણ કે આ વર્ષે બંધારણના ઘડવૈયા ડો. ભીમરાવ આંબેડકરની 125મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી રહી હતી.

ભારતીય બંધારણને વિશ્વનું સૌથી લાંબુ લેખિત બંધારણ માનવામાં આવે છે. આમાં ઘણા દેશોનું બંધારણ અપનાવવામાં આવ્યું છે, તેથી તેમને 'Bag of Borrowings' પણ કહેવામાં આવે છે. તેના ઘણા ભાગો યુકે, યુએસએ, જર્મની, આયર્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા અને જાપાનના બંધારણમાંથી લેવામાં આવ્યા છે.

ભારતીય બંધારણમાં નાગરિકાના મૌલિક અધિકાર, કર્તવ્ય, સરકારની ભૂમિકા, પીએમ, રાષ્ટ્રપતિ, ગવર્નર અને બંધારણની મૂળ નકલો ટાઇપ કે પ્રિન્ટ કરવામાં આવી ન હતી. તે પ્રેમ નારાયણ રાયજાદા દ્વારા હાથથી લખેલું હતું. બંધારણને કેલીગ્રાફીમાં ઈટાલિક અક્ષરોમાં લખાયેલું છે. બંધારણની ઓરિજિનલ કોપી 16 ઇંચ પહોળી છે. તે 22 ઇંચ લાંબી ચર્મપત્ર (પ્રેચમેન્ટ) શીટ પર લખવામાં આવ્યું છે. તેમાં કુલ 251 પેજ છે. સમગ્ર બંધારણને તૈયાર કરવામાં 2 વર્ષ, 11 મહિના અને 18 દિવસનો સમય લાગ્યો હતો. તે 26 નવેમ્બર 1949 ના રોજ પૂર્ણ થયું હતું અને 26 જાન્યુઆરી 1950ના રોજ અમલમાં આવ્યું હતું.

બંધારણની અસલી નકલ હિન્દી અને અંગ્રેજી બંને ભાષાઓમાં લખવામાં આવી હતી. 24 જાન્યુઆરી, 1950ના રોજ યોજાયેલી બંધારણ સભામાં તેના પર 284 સભ્યોએ હસ્તાક્ષર કર્યા હતા. જેમાંથી 15 મહિલાઓ હતી.-બંધારણમાં કુલ 1,45,000 શબ્દો છે. તેમને અંતિમ સ્વરૂપ આપતા પહેલા તેમાં 2000થી વધુ સંશોધન કરવામાં આવ્યા હતા.સીએમની શક્તિઓનો પણ ઉલ્લેખ છે. ભારતીય બંધારણનું મૂળ માળખું ભારત સરકારના અધિનિયમ, 1935 પર આધારિત છે. ડો.ભીમરાવ આંબેડકરને ભારતીય બંધારણના નિર્માતા કહેવામાં આવે છે. ભારતના પ્રથમ કાયદા મંત્રી ડો. આંબેડકર બંધારણ સમિતિના અધ્યક્ષ પણ હતા.










- **વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી (તા.1/12/2025)**

વિશ્વ એઈડ્સ દિવસ દર વર્ષે 1 ડિસેમ્બરે ઉજવવામાં આવે છે. આ દિવસ સ્વસ્થ અને સુખી જીવન માટે આ રોગ વિશે જાગૃતિ લાવવાનો છે. વિશ્વ એઈડ્સ દિવસ સૌ પ્રથમ 1988 માં ઉજવવામાં આવ્યો હતો. એક્વાયર્ડ ઇમ્યુનોડેફિસિયન્સી સિન્ડ્રોમ (AIDS) એ હ્યુમન ઇમ્યુનોડેફિસિયન્સી વાયરસ (HIV)ના કારણે જીવન માટે જોખમી સ્થિતિ છે. HIV વાયરસ દર્દીની રોગપ્રતિકારક શક્તિ પર હુમલો કરે છે અને અન્ય 'રોગો' સામે તેનો પ્રતિકાર ઓછો કરે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા વિશ્વ એઈડ્સ દિવસ વિશ્વ આરોગ્ય દિવસ, વિશ્વ રક્તદાતા દિવસ, વિશ્વ રોગપ્રતિરક્ષા સપ્તાહ, વિશ્વ ક્ષય દિવસ, વિશ્વ તમાકુ નિષેધ દિવસ, વિશ્વ મેલેરિયા દિવસ, વિશ્વ હેપેટાઇટિસ દિવસ, વિશ્વ એન્ટિમાઇક્રોબાયલ જાગૃતિ સપ્તાહ, વિશ્વ દર્દી સુરક્ષા દિવસ. અને વિશ્વ ચાગાસ રોગ દિવસ સાથે ચિહ્નિત થયેલ 11 સત્તાવાર વૈશ્વિક જાહેર આરોગ્ય અભિયાનોમાંનું એક છે.

વિશ્વ એઈડ્સ દિવસ HIV તેમજ AIDS વિશે જાગૃતિ લાવવા અને રોગચાળા સામે આંતરરાષ્ટ્રીય એકતા દર્શાવવા માટે વિશ્વભરના લોકોને એકસાથે લાવે છે. HIV એ વિશ્વભરમાં લાખો લોકોને અસર કરતી મુખ્ય જાહેર આરોગ્ય સમસ્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના તાજેતરના આંકડાઓ અનુસાર, 2020 માં 377 મિલિયન લોકો એઈડ્સ સાથે જીવી રહ્યા હતા. 2020 માં HIV સાથે જીવતા તમામ લોકોમાંથી 16% લોકોને ખબર ન હતી કે તેમને HIV છે. 2020માં 73 ટકા લોકોએ એન્ટિરેટ્રોવાયરલ થેરાપીનો ઉપયોગ કર્યો હતો.

શરૂઆતમાં વિશ્વ એઈડ્સ દિવસ માત્ર બાળકો અને યુવાનો સાથે સંકળાયેલો હતો, પરંતુ પાછળથી જાણવા મળ્યું કે એચઆઈવી ચેપ કોઈપણ ઉંમરની વ્યક્તિને અસર કરી શકે છે. આ પછી, વર્ષ 1996 માં, એચઆઈવી/એઈડ્સ પર સંયુક્ત રાષ્ટ્રએ વૈશ્વિક સ્તરે તેના પ્રચાર અને પ્રસારની કાળજી લેતા, વર્ષ 1997 માં વિશ્વ એઈડ્સ અભિયાન હેઠળ સંચાર, નિવારણ અને શિક્ષણ પર કામ કરવાનું શરૂ કર્યું.



- ## જિલ્લા કક્ષા બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન મુલાકાત (10/12/2025)

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન મહેસાણા દ્વારા કે.પી.પટેલ સેકેન્ડરી અને એસ.યુ.પટેલ ઉ.મા.શાળા,વિજાપુર તા.વિજાપુર,જિ.મહેસાણા મુકામે આયોજિત જિલ્લા કક્ષાના 61મા બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનની મુલાકાત ડી.એલ.એડ્ પ્રથમ / દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ અને સ્ટાફ દ્વારા તારીખ - 10/12/2025ના રોજ લેવામાં આવેલ .






- ## 26 ડિસેમ્બર વીર બાળ દિવસની ઉજવણી - 2025-26 :-

26 ડિસેમ્બર 2025 ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,મહેસાણા દ્વારા ડી.એલ.એડ્ના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ અને સ્ટાફ ગણ સાથે વીર બાળ દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં યુવાનોની વાર્તાઓ વિશે વિદ્યાર્થીઓ પરિચિત થાય તે માટે પ્રાર્થના સભામાં વિવિધ પ્રવૃત્તિઓ અનેકાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

આજે તારીખ 26 ડિસેમ્બર છે. આજની તારીખના ઈતિહાસની વાત કરીએ તો આજે ભારતમાં વીર બાળ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસનું શીખ ધર્મમાં

ઘણુ વિશેષ મહત્વ છે. ડિસેમ્બરના રોજ ભારતમાં 'વીર બાળ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ 2022થી ભારતમાં 26 ડિસેમ્બરના રોજ 'વીર બાળ દિવસ'ની ઉજવણી કરવાની શરૂઆત કરી છે. શીખ ધર્મના છેલ્લા અને 10માં ગુરુ ગુરુ ગોવિંદ સિહંના ચાર પુત્રોના બલિદાનને શ્રદ્ધાંજલી આપવા માટે 26 ડિસેમ્બર ભારતમાં 'વીર બાળ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

વર્ષ 1704નો ડિસેમ્બરનો મહિના હતો. 20 ડિસેમ્બરે કડકડતી ઠંડીમાં મુઘલ સેનાએ આનંદપુર સાહિબ કિલ્લા પર અચાનક હુમલો કર્યો. ગુરુ ગોવિંદ સિંહ તેમને પાઠ ભણાવવા માંગતા હતા, પરંતુ તેમના સૈન્યદળે સમયની નાંડ પારખીને તે સ્થળ છોડી દેવાનું યોગ્ય માન્યું. ગુરુ ગોવિંદ સિંહે સમગ્ર પરિવાર સાથે આનંદપુર કિલ્લો છોડી દીધો. સરસા નદીમાં પાણીનું વહેણ વધારે હોવાથી ગુરુ ગોવિંદ સિંહનો પરિવાર નદી પાર કરતી વખતે અલગ થઇ ગયો. ગુરુ ગોવિંદની સાથે, તેમના બે મોટા રાજકુમાર - બાબા અજીત સિંહ અને બાબા જુઝાર સિંહ ચમકૌર પહોંચ્યા. જ્યારે ત્યાં, તેમની માતા ગુજરી બે નાના પૌત્રો- બાબા જોરાવર સિંહ અને બાબા ફતેહ સિંહ સાથે રહી ગયા. તેમની સાથે ગુરુ સાહેબના સેવક ગંગુ પણ હતા.ગંગુ માતા ગુજરીને તેના બે પૌત્રો સાથે તેના ઘરે લાવ્યો. એવું કહેવાય છે કે માતા ગુજરી પાસે સોનાના સિક્કા જોઇને ગંગુના મનમાં લાલચ જાગી અને ઈનામ મેળવવાની લાલસામાં તેણે કોટવાલને માતા ગુજરી વિશે જાણ કરી. માતા ગુજરીની તેમના બે નાના પૌત્રો સાથે ધરપકડ કરવામાં આવી હતી. તેને સરહંદના નવાબ વઝીર ખાન સમક્ષ રજૂ કરવામાં આવ્યા. વઝીરે બાબા જોરાવર સિંહ અને બાબા ફતેહ સિંહને ઈસ્લામ સ્વીકારવા જણાવ્યું જો કે બંને રાજકુમારોએ ધર્મ પરિવર્તન કરવાનો ઈનકાર કર્યો. આથી નવાબે 26 ડિસેમ્બર, 1704ના રોજ બંને રાજકુમારોને દિવાલમાં જીવતા ચણી દીધા, જ્યારે માતા ગુજરીને સરહિંદના કિલ્લામાંથી ધક્કો દઈને મારી નાખવામાં આવ્યા હતા. ગુરુ ગોવિંદ સિંહના પરિવારની આ મહાન શહાદતને આજે પણ ઈતિહાસની તવારીખોમાં સૌથી મોટા બલિદાન માનવામાં આવે છે.





- **વિશ્વ આત્મહત્યા નિવારણ સપ્તાહ - 2025-26 :-**

વિશ્વ આત્મહત્યા નિવારણ સપ્તાહ અંતર્ગત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ,મહેસાણા ખાતે વિવિધ કાર્યક્રમ યોજવામાં આવેલ. જે અંતર્ગત જનરલ હોસ્પિટલ મહેસાણાના ડૉ.અનિમેષભાઇ પટેલ (મનોચિકિત્સક) અને ડૉ.અલ્કેશભાઇ ભાવસાર (સાયકોલોજીસ્ટ) ડાયટ મહેસાણા ખાતે પધારેલ અને તાલીમાર્થીઓ સાથે વાર્તાલાપ કરેલ.









- **8 - MARCH 2026 - HAPPYWOMEN'S DAY :-**

8 - MARCH HAPPY WOMEN'S DAY આ દિવસે વિશ્વ એક થઈને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરે છે.આ દિવસ મહિલાઓના સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય ઉત્થાનને ઓળખવા અને તેમની સમાનતા સમજાવવા માટે સમર્પિત છે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,મહેસાણા દ્વારા 8 માર્ચના રોજ કોલેજ કક્ષાએ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતીજેમાં ડાયટના શૈક્ષણિક સ્ટાફ દ્વારા સામાજિક.આર્થિક,રાજકીય,શૈક્ષણિક અને દેશની સેવાકીય પ્રવૃત્તિઓમાં મહિલાઓની ભૂમિકા અને યોગદાન શું છે.તે વિશે વિદ્યાર્થીઓને પ્રાર્થના સંમેલનમાં વિગતે માહિતગાર કર્યા.આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓના અધિકારો,સમાનતા અને પ્રગતિને પ્રોત્સાહિત કરવાનો છે.આ દિવસે લોકો તે મહિલાઓને યાદ કરે છે જેમણે પોતાની ક્ષમતાઓ અને પ્રેરણાત્મક કાર્યો દ્વારા સમાજમાં વિશેષ યોગદાન આપ્યું છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર, લોકો વિવિધ કાર્યક્રમો, સમારંભો અને કાર્યક્રમોમાં ભાગ લે છે.આ દિવસને સમાજમાં મહિલાઓ માટે સમાનતા, સલામતી અને સન્માનના મહત્વને પ્રોત્સાહન આપવાનો અવસર માનવામાં આવે છે. લોકો મહિલાઓ સાથે ઉભા રહે છે અને તેમના યોગદાનની પ્રશંસા કરે છે, તેમજ મહિલાઓ સાથે ભાગીદારી કરવા માટે પ્રતિબદ્ધ છે.આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ લોકોને મહિલાઓના ચરિત્ર, શક્તિ અને હિંમતને ઓળખવા અને સમર્થન આપવા માટે પ્રેરણા આપે છે અને તેમની સમસ્યાઓ અને પડકારોને ઉકેલવા માટે તેમને ભાગીદાર બનવા આમંત્રણ આપે છે.આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શરૂઆત 1857માં ન્યૂયોર્કમાં થઈ હતી, જ્યારે મહિલા ટેક્સટાઈલ કામદારોએ અયોગ્ય કામ કરવાની પરિસ્થિતિઓ અને ઓછા પગાર સામે પ્રદર્શન કર્યું હતું. તે કામકાજની મહિલાઓ દ્વારા સૌથી પહેલા સંગઠિત હડતાળમાંની એક હતી. ગતિ ચાલુ રહી અને 1911 સુધીમાં,08 માર્ચને સત્તાવાર રીતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે માન્યતા આપવામાં આવી. યુનાઈટેડ નેશન્સે 08 માર્ચ 1975 ના રોજ આ દિવસની ઉજવણી કરવાનું શરૂ કર્યું,આ માન્યતા બે વર્ષ પછી સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા ઔપચારિક કરવામાં આવી.આ દિવસની વિશિષ્ટતા તેના રંગો દ્વારા પણ વર્ગીકૃત થયેલ છે: જાંબલી, લીલો

અને સફેદ. દરેક રંગ ઊંડો પ્રતીકાત્મક અર્થ ધરાવે છે. જાંબલી ન્યાય અને ગૌરવનું પ્રતીક છે, લીલો આશાનું પ્રતીક છે અને સફેદ શુધ્ધતાનું પ્રતીક છે.1908માં UK વુમન્સ સોશિયલ એન્ડ પોલિટિકલ યુનિયન (WSPU) માંથી ઉદ્દભવેલા, આ રંગો આજે પણ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે.

- **ઉતર ઝોન કક્ષાનો ડી.એલ.એડ્ રમતોત્સવ - 2025-26**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,પાલનપુર દ્વારા પાલનપુર ખાતે તારીખ:- 16/01/26 થી17/01/26ના રોજ ઉત્તર ઝોન કક્ષાનો ડી.એલ.એડ. રમતોત્સવ 2025-26 યોજાઇ ગયો તેમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,મહેસાણાના પ્રથમ અને દ્વિતીય વર્ષના ડી.એલ.એડ. તાલીમાર્થીઓ અને અધ્યાપકોશ્રીઓએ વિવિધ રમતોની સ્પર્ધામાં ભાગ લીધેલ.



- **રાજ્ય કક્ષાનો ડી.એલ.એડ્ રમતોત્સવ - 2025-26**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ દ્વારા રાજ્ય કક્ષાના ડી.એલ.એડ. રમતોત્સવ 2025-26 નું આયોજન તારીખ:-13/02/26 થી 14/02/26ના રોજ કરવામાં આવેલ.જેમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણાના ડી.એલ.એડ. તાલીમાર્થીઓ અને અધ્યાપકોશ્રીઓએ વિવિધ રમતોની સ્પર્ધામાં ભાગ લીધેલ.આ રમતોત્સવમાં ચક્રફેંકમાં અધ્યાપકશ્રી જીજાબેન બીજો નંબર પ્રાપ્ત કર્યો હતો જ્યારે તાલીમાર્થીઓમાં ટેબલ ટેનિસમાં પ્રથમ વર્ષના તાલીમાર્થી શ્રેયએ ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો હતો.





- ## 26 જાન્યુઆરી 76 મા ગણતંત્ર દિવસની ઊજવણી - 2025-26

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,મહેસાણા ખાતે 26 જાન્યુઆરી 2025 (76મા ગણતંત્ર દિવસ) ની ઉજવણી કરવામાં આવી.કાર્યક્રમના મહેમાન તરીકે શ્રી સાધુ સાહેબ હતા.ગણતંત્ર દિવસની ઊજવણી ભારતનું સંવિધાન 26 જાન્યુઆરી 1950ના રોજ લાગુ થયું હતું અને ભારત એક લોકતાંત્રિક તથા સંવૈધાનિક દેશ બની ગયો. આ કારણોસર 26 જાન્યુઆરીના રોજ ગણતંત્ર દિવસ ઊજવવામાં આવે છે. વર્ષ 1947માં દેશની આઝાદી પછી સંવિધાન નિર્માણની તૈયારીઓ શરૂ કરવામાં આવી હતી. જે માટે એક સંવિધાન સભાનું ગઠન કરવામાં આવ્યં હતું અને 26 જાન્યુઆરી 1949ના રોજ સંવિધાન અપનાવવામાં આવ્યું, સત્તાવાર રીતે 26 જાન્યુઆરી 1950 ના રોજ સંવિધાન લાગુ કરવામાં આવ્યું.









- ## ઘન કચરાનું વ્યવસ્થાપન અને જાગૃતિ કાર્યક્રમ - 2025-26:

ઓ.એન.જી.સી.મહેસાણા એસેટ દ્વારા (CSR INITIATIVE) અંતર્ગત “ઘન કચરાનું વ્યવસ્થાપન અને જાગૃતિ કાર્યક્રમ “. પ્રવૃત્તિનું નામ:-સ્વચ્છતા અભિયાન અંતર્ગત લોક જાગૃતિ માટે શેરી નાટક (નુક્કડ નાટક) તારીખ:-09/02/2026







## ❖ ડી.એલ.એડ.કોલેજની સંકલન બેઠક :-

- કુલ તાલીમવર્ગો : 1
- તારીખ: 13/10/25 (1 વર્ગ)
- સ્થળ: ડાયટ મહેસાણા
- લાભાર્થી સંખ્યા : 25

| SC | | ST | | બક્ષી | | અન્ય | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| 5 | 4 | 0 | 1 | 5 | 3 | 3 | 4 | 13 | 12 |

- તજજ્ઞ સંખ્યા : 1
- ગ્રાન્ટનો પ્રકાર: CSSTE
- થયેલ ખર્ચ: 1920 /-

- ## દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓનો વિદાય સમારંભ - 2025-26

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,મહેસાણા ખાતે PSTE શાખાના ડી.એલ.એડ્ દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓનો વિદાય સમારંભ તારીખ :- 18/5/2026ના રોજ યોજવામાં આવેલ.જેમાં સ્ટાફ અને પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓના વ્યક્તિગત અભિપ્રાયો લેવામાં આવ્યા. અગાઉના વર્ષમાં જે તાલીમાર્થીઓ અભ્યાસ કરીને ગયેલ હતા અને TET પરીક્ષા પાસ કરી હતી.તેવા તમામ તાલીમાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે તમામ સ્ટાફ અને તાલીમાર્થીઓએ સ્વરુચિ ભોજન લેવામાં આવ્યું.



